॥ શ્રી ગણેશાય નમઃ ॥

"સંગઠીત અને સમુદ્ધ સમાજનો સંકલ્પ"

# ટીમલા ખલાસી પંચ, રાંદેર - સુરત

ટ્રસ્ટ રજી. નં. એ/૬૬૧ સુરત

ટ્રસ્ટ રજીસ્ટર તા. ૨૭-૧૦-૧૯૫૩

## ૬૮મો વાર્ષિક અહેવાલ તથા હિસાબ

**વર્ષ : ૨૦૨૦-૨૧**




**ટીમલા ખલાસી પંચનું મકાન, ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫.**

આ સંસ્થા (સમાજ) પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ બોમ્બે ૨૯/૧૯૫૦ અન્વયે ૨૭-૧૦-૧૯૫૩ ના રોજ રજીસ્ટર થયેલ ટ્રસ્ટ છે. જેનો રજીસ્ટર ક્રમાંક ૩૦૭૬૧ મુજબ રજી. નં. એ/૬૬૧ આપવામાં આવેલ છે.

# ટીમલા ખલાસી પંચ, રાંદેર - સુરત.

## વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ
**૨૦૨૦ – ૨૦૨૧**

માનનીય ભાઈઓ/બહેનો :

આથી ટીમલા ખલાસી પંચના તમામ ભાઈ/બહેનોને જાણ કરવામાં આવે છે કે વાર્ષિક સાધારણ સભા ટીમલા ખલાસી પંચના પ્રમુખશ્રી વસંતલાલ નારણદાસ સેલર તથા ટ્રસ્ટી મંડળના વડપણ હેઠળ તારીખ : ૪/૧૧/૨૦૨૧ ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ટીમલા ખલાસી પંચના મકાનમાં નીચે જણાવેલ કામોના નિકાલ માટે રાખવામાં આવેલ છે. જેમાં સમાજના તમામ ભાઈ-બહેનોએ સમયસર હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

## સભાના કામોની કાર્યસુચી

૧. દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલિ.

૨. ગત વાર્ષિક સભાની મિનિટસ વાંચી બહાલી આપવા બાબત.

૩. સને ૨૦૨૦-૨૧ ના વર્ષનો તા. ૦૧-૦૪-૨૦ થી તા. ૩૧-૦૩-૨૧ નો ઓડિટ થયેલ રિપોર્ટ (અહેવાલ) હિસાબ જે ટ્રસ્ટીઓએ મંજુર કરેલ છે તેની બહાલી આપવા બાબત.

૪. સમાજના ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થી પૈકી જેમણે ૧ થી ૩ નંબર મેળવ્યો હોય તેમને દર વર્ષની માફક પ્રોત્સાહીત ઈનામ આપવા બાબત.

૫. સમાજના ૧ થી ૧૨ તથા નર્સરી, કે. જી., સિ.કે.જી. ને તથા કોલેજ કક્ષાના પાસ થનાર વિદ્યાર્થીને સ્ટેશનરી આપવા બાબતે ખર્ચની મર્યાદા નકકી કરવા ટ્રસ્ટી મંડળને સત્તા આપવામાં આવે છે.

૬. ૨૬મી જાન્યુઆરી, ૧૫ મી ઓગસ્ટ ના દિવસોમાં રમત ગમત, હોડી સ્પર્ધા, રંગોલી સ્પર્ધા, મહેંદી સ્પર્ધા તથા ધાર્મિક પ્રસંગોમાં થતા ખર્ચની સત્તા ટ્રસ્ટી મંડળને આપવા બાબત.

૭. હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસને લક્ષમાં રાખી તેની સાવધાની રૂપે ચર્ચા વિચારણા કરવા બાબત.

૮. પ્રમુખશ્રી તરફથી ટ્રસ્ટના હિતમાં રજુ થાય તે કાર્યો.

નોંધ :

૧. અહેવાલ-હિસાબ તથા અન્ય બાબતે જે કોઈને પૂછપરછ કરવી હોય તેમણે સામાન્ય સભાના ૪ દિવસ પહેલા લેખિતમાં જાણ કરવી.

૨. કોરોના અભાવે સામાન્ય સભા મુલત્વી રહે તો અર્ધો કલાક બાદ કરી મળશે જે બંધારણની જોગવાઈ મુજબ માન્ય ગણાશે.

૩. સભામા આવનાર વ્યકિતઓએ અવશ્ય માસ્ક ફરજીયાત પહેરવું રહેશે બેઠક વ્યવસ્થા ટ્રસ્ટી મંડળ નિયમાનુસાર કાયદાને લક્ષમાં રાખી કરશે.

૪. જો સભા કોરાનાને કારણે મુલતવી રહે તો પંચની નોટીસ બોર્ડ પર જાણ કરવામાં આવશે.

મંત્રીશ્રી
**આશિષ હ. રાંદેરીયા**
ટીમલા ખલાસી પંચ, રાંદેર, સુરત.

# ટીમલા ખલાસી પંચ, રાંદેર - સુરત.

## વાર્ષિક સામાન્ય સભા ૨૦૨૦-૨૧

## નિવેદન

વ્હાલા ખલાસી/ભાઈઓ/બહેનો

આજના દિપાવલીના શુભ અવસર પર તારીખ : ૧-૪-૨૦૨૦ થી ૩૧-૩-૨૦૨૧ સુધીનો ૬૮મો વાર્ષિક અહેવાલ-હિસાબ રજુ કરતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

ટીમલા ખલાસી પંચ પબ્લીક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ બોમ્બે ૨૯/૧૯૫૦ અન્વયે તા. ૨૦-૧૦-૧૯૫૩ ના રોજ રજીસ્ટર થયેલ ટ્રસ્ટ છે. જેનો રજિસ્ટર ક્રમાંક ૩૦૭૬૧ આપવામાં આવેલ છે.

હિંદુ સંસ્કૃતિમાં દરેક ધાર્મિક માન્યતાઓમાં પૂજા અર્ચના પ્રાર્થના કરવામાં આવે છે. તેની પાછળ પણ વૈજ્ઞાનિક રહસ્યો છુપાયેલા છે. સૂર્ય પૂજામાં વિજ્ઞાન રહેલું છુે. જેમાં સૂર્યને સાક્ષાત ઈશ્વરનું તેજ માનવામાં આવે છે. સૂર્યને કારણે જીવન ટકી રહ્યું છે. સૂર્ય જગતનો આત્મા છે. તે એવો દેવ છે કે તેને આપણે સાક્ષાત નિહારી શકીએ છીએ સૂર્યપુત્રી તાપીના કિનારે ખારવા સમાજ વસેલો છે. સૂર્યની પત્ની રાંદલમાં છે તેના નામ ઉપરથી આપણા ગામનું નામ રાંદેર પડયું છે.

મિત્રો સૂર્યપુત્રીના લગ્ન સંવરૂણ સાથે થયા હતા તેનાથી તેમને બે પુત્રો થયા હતા. કુરુ અને તપસ જેમાં કુરુએ ભગવાન ઈન્દ્ર અને વિષ્ણુની પ્રાર્થના કરી કે જે અડતાલીસ કોસ ભૂમિ હળથી ખેડે તેને સ્વર્ગની પ્રાપ્તી થાય આ જમીન ઉપર મૃત્યુ પામનારને અગ્નિદાહ આપે તેને સ્વર્ગની પ્રાપ્તી થાય અહી સ્નાન દાન જપ તપ હવન યજ્ઞથી મોક્ષની પ્રાપ્તી થાય. આ કુરૂક્ષેત્રની ભૂમિ જહાંગીરપુરા મુકામે ખારવા સમાજના રહેઠાણથી બે કિલોમીટર દૂર આવેલ છે. અંગ્રેજોના સમયથી આ ખારવા સમાજની કુરૂક્ષેત્ર મુકામે અને પુરાણી ધર્મશાળા ૨૦'×૪૦' ફુટના ઘેરાવામાં આવેલી છે. પરંતુ વિસ્તારવાદી નિતી ધરાવનાર ત્યાંના ટ્રસ્ટીઓએ સમાજને જાણ કર્યા વિના તોડી નાંખી હતી તેમને સમાજ તરફથી શું સજા કરવી જોઈએ ?

મિત્રો, આપણો સમાજ દર વર્ષે દહેરી ફળિયા મુકામે દિવાસાના સાત દિવસ પહેલા રાંદલમાની સ્થાપ્ના સાથે જમણી બાજુએ જવારા શાસ્ત્રોક્ત વિધી પ્રમાણે વાવવામાં આવે છે. જવારા એ અમારી પૂજનીય પરંપરા છે. જવારાએ જયા ભક્તિ અને શ્રધ્ધાભાવરૂપી જળનું સિંચન થાય તે સમૃધ્ધિ અને હરિયાળીનું સોમ અને અગ્નિનું પ્રતિક છે. દિવાસાના દિવસે રાંદલમાની સવારી કાઢી તેને સૂર્યપુત્રી તાપીમાં પધરાવવાનાં આવે છે આ ઉત્સવ અનેરો છે. તાપીના જળનું સિંચન થતા આ જવારા ઝડપથી ઉગી નીકળી વૃધ્ધિ પામે છે.

શ્રાધ્ધમાં માનતા હોય કે ન માનતા હોય પરંતુ કાગવાસ જરૂર નાંખજો આજે આપણે સુખી છીએ તે આપણા માતા પિતાના પૂણ્યનું અને પિતૃઓના આર્શિવાદનું ફળ છે. ભગવાનની સેવા ન થાય તો ચાલશે પરંતુ માતાપિતા એ જીવતું તીર્થ છે. માતૃશ્રાધ્ધ માટે એક માત્ર તીર્થ બિંદુ સરોવર છે. જે સિધ્ધપુરમાં આવેલ છે. સિધ્ધપુર સરસ્વતીના કિનારે આવેલ છે. કોઈપણ વ્યકિત માતાનું શ્રાધ્ધ આ તીર્થમાં ફરે તો જરૂર તેને મુકિત પ્રાપ્ત થાય છે. ઋગ્વેદ અને ભાગવત પુરાણમાં તેનો ઉલ્લેભ કરવામાં આવ્યો છે. અસ્તુ.

ભારતીય પરંપરામાં દીપોત્સવની એટલે લક્ષ્મી અને શારદાનું પૂજન દિપોત્સવની એ શરદ ઋતુનું પર્વ છે. તે એક દિવસનું પર્વ નથી આખા સપ્તાહનું પર્વ છે. આ પર્વથી તહેવારોનો અંત અને શરૂઆત થાય છે. હિંદુ ધર્મમાં લક્ષ્મીની પૂજા વેદકાળથી થયેલી છે. લક્ષ્મીએ સુખ અને સમૃધ્ધિની દેવી છે. પૌરાણિક કથન પ્રમાણે લક્ષ્મી સમુદ્રની કન્યા છે. દેવ દાનવોએ સમુદ્ર મંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી પ્રગત થઈ હતી જે વિષ્ણુ ભગવાને અપનાવી હતી દિવાળીના દિવસે રાત્રીના સમયે તેની પૂજા કરવામાં આવે છે.

વરસની બાર પૂનમમાં શરદ પૂનમ એ કોષ્ઠ પૂનમ છે. શરદ પૂનમનો ચંદ્ર એટલે પૂર્ણતાનું પ્રતિક આ દિવસે દૂધ અને પૌંવા ખાવાથી દમના દર્દીઓ માટે એક ઔષધ જેવું પુરવાર થાય છે. આસો સુદના દિવસે આવે છે. તેનો પ્રકાશ શીતલ, શાંત હોય છે. આ પ્રકાશમાં વનસ્પતિ ઔષધિઓને સંપૂર્ણ પોષણ મળે છે. રાત્રિના સમયે

લક્ષ્મીજી વિહાર કરવા નીકળે છે. આપણા પૂર્વજોને આવુ જ્ઞાન હતુ. જેથી દશેરાને દિવસે માતાનું વિસર્જન ન કરતા પૂનમને દિવસે નદીમાં તેનું વિસર્જન કરતા હતા તેનાથી જ આપણે સમાજ ધન ધાન્યથી સમૃધ્ધ છે. જેથી માતાનું વિસર્જન પૂનમને દિવસે જ કરવું જોઈએ.

આપણા દેશમાં બે રાષ્ટ્રીય તહેવાર (પ્રસંગ) આવે છે. ર૬મી જાન્યુઆરી અને પંદરમી ઓગસ્ટ આપણા દેશની આઝાદી સાથે આ બન્ને પ્રસંગો સંકળાયેલ છે. આ દિવસે આપણી પંચની વાડીની સામે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. બાળકો ચોકલેટ બિસ્કીટથી નવાજવામાં આવે છે. આપણા યુવાન એન્જિનિયર જેનીશભાઈ સેલરના હસ્તે ધ્વજવંદન કાર્ય કરેલ તેમણે શિક્ષણની બાબતમાં બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને બાળકોમાં શિક્ષણ બાબતે ઉત્સાહ પ્રેર્યો હતો.

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમાજને જે લોકોએ દાન આપ્યું છે તેવા ભાઈ બહેનોનો અંતકરણ પૂર્વક ટ્રસ્ટી મંડળ આભાર માને છે. દાન આપવા ભાઈ બહેનોના નામો વાર્ષિક અહેવાલમાં બતાવવામાં આવ્યા છે. દાન આપનાર ભાઈઓનો આભાર વ્યકત કરું છું.

કોરોના કાળમાં આપણા સમાજના મરણોત્તર વ્યકિતની વિધિમાં પોતાના જાનનું જોખમ ખેડી મરણોત્તર વિધિ કરાવી તે ભાઈ/બહેનોનો આભાર ટ્રસ્ટી મંડળ માને છે. મૃત્યુ નજર સામેથી સ્વજનને આંચકી જાય છે તે જોઈને કમકમાટી ઉભી થાય છે. સરકારે પણ પોતાની લાચારી બતાવી હતી આપણી સમાજમાંથી બે વર્ષ દરમ્યાન જે મરણ પામવા યોગ્ય ન હતા છતા આ સમાજમાંથી તેઓએ અલવિદા લીધી તેનું દુઃખ છે. તેની સાથે સંકળાયેલા ઓકિસજન, વેન્ટીલેટર, એમ્બ્યુલન્સ, રેમડેસિવર આ બધાની અછત તેમજ અંતિમ વિધિ અને ત્યારબાદની તમામ પરંપરાઓ તૂટી ગઈ મૃતકના નજીકના સંબંધીઓ એકલા અતૂલા પડી ગયા બારમા તેરમાની વિધિ બેસણુ બંધ કરવામાં આવી બાદ આ વર્ષમાં કોરોના મંદ પડયો છે. હાલમાં ૧૦૦ કરોડ લોકોએ રસી મૂકાવેલ છે. છતા આપણે જાગૃત રહેવાની જરૂરત છે.

કોરાના દરમ્યાન પણ આપણી સમાજે બાળકોને સ્ટેશનરી જેવી કે નોટબુક, રબર, પેન્સિલ આપી આપણી પરંપરા જાળવી રાખી છે.

આપણા સર્વના સહકારથી સમાજ શિક્ષણની બાબતે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યો હોય વધુને વધુ પ્રગતિ કરતો રહે એવી નવા વર્ષની શુભ કામનાઓ સાથે શુભ અવસરે દરેક કુટુંબ સુખમય ધન ધાન્યથી ભરપૂર રહે એવી હૃદય પૂર્વકની પ્રાર્થના સાથે વિરમુ છે.

જય હિંદ

જય ભારત

વંદેમાતરમ્

ટ્રસ્ટી મંડળ તરફથી સમાજના ભાઈ-બહેનોને નવા વર્ષના સાલમુબારક



આપનો સહહૃદયી
વસંતલાલ નારણદાસ સેઈલર
પ્રમુખ
ટીમલા ખલાસી પંચ, રાંદેર

# તા. ૩૧-૩-૨૦૨૧ ના રોજનું આવક-જાવક ખાતુ

| આવક | રકમ | જાવક | રકમ |
|---|---|---|---|
| લગ્ન પ્રસંગ દાન આવક | ૪૦૦૪.૦૦ | માનદ વેતન ખર્ચ | ૦.૦૦ |
| મરણ પ્રસંગ દાન આવક | ૮૮૭૩.૦૦ | ઓડીટ/ઈન્કમટેક્ષ કન્સ. ફી ખર્ચ | ૯૦૦૦.૦૦ |
| ખેતી આવક | ૪૦૦૦૦૦.૦૦ | સ્ટેશનરી ખર્ચ | ૧૧૭૮૧.૦૦ |
| અન્ય નિભાવ દાન આવક | ૨૦૨૫૧.૦૦ | મ્યુનિ. વેરા ખર્ચ | ૨૨૭૦૪.૦૦ |
| પરબ દુકાન ભાડા આવક | ૨૫૮૦૦૦.૦૦ | સામાન્ય સભા ખર્ચ | ૪૮૦.૦૦ |
| વાસણ/વાડી ભાડા આવક | ૧૨૦૦૧.૦૦ | કોવિડ ૧૯ હોનારત ખર્ચ | ૪૭૪૪૨.૦૦ |
| કચેરી-મકાન-ફર્નીચર વપરાશ આવક | ૭૨૦૦૦.૦૦ | ઈલેકટ્રીક ખર્ચ | ૯૩૩૦.૦૦ |
| બેંક સેવિંગ્સ વ્યાજ આવક | ૩૧૮૧૯.૦૦ | હિસાબનીસ મહેનતાણા ખર્ચ | ૩૦૦૦.૦૦ |
| સુ.ડી.બેંક એફ.ડી. વ્યાજ આવક | ૩૪૬૮૫૭.૦૦ | શૈક્ષણિક ખર્ચ | ૧૭૬૦૫૫.૦૦ |
| ગેસ વપરાશ આવક | ૩૨૧૫.૦૦ | મકાન ઈલેકટ્રી.રીપેરીંગ/પરચુરણ ખર્ચ | ૮૧૦.૦૦ |
| | | બેંક ચાર્જીસ | ૧૦૫૯.૦૦ |
| | | મકાન સમારકામ/બાધકામ ફંડ | ૭૦૦૦૦૦.૦૦ |
| | | ડેડ સ્ટોક ઘસારા ખર્ચ | ૬૬૪૩૬.૦૦ |
| | | માલ મિલકત ઘસારા ખર્ચ | ૮૯૭૭.૦૦ |
| | | જહાંગીરપુરા ખે. મકાન ઘસારા ખર્ચ | ૪૦૩૦.૦૦ |
| | | જહાંગીરપુરા પરબ દુકાન ઘસારા ખર્ચ | ૧૩૩૧૬.૦૦ |
| | | | ૧૦૭૪૪૨૨.૦૦ |
| | | આવક મા વધારો ૩૧/૩/૨૦૨૦ | ૮૨૫૯૮.૦૦ |
| **કુલ સરવાળો** | **૧૧૫૭૦૨૦.૦૦** | **કુલ સરવાળો** | **૧૧૫૭૦૨૦.૦૦** |

ઉપરના સરવૈયા અમારી માન્યતા મુજબ ટ્રસ્ટના ફંડો જવાબદારીઓ તથા માલ મિલ્કતનો સાચો હિસાબ આપ્યો છે.

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી/ટ્રસ્ટી | મંત્રીશ્રી/ટ્રસ્ટી | આજ તારીખના અમારા અહેવાલ મુજબ |
| વસંતલાલ ના. સેઈલર | આશિષ હ. રાંદેરીયા | એમ. જે. ખીલાવાલા એન્ડ કાું. વતી |
| ટીમલા ખલાસી પંચ, રાંદેર | ટીમલા ખલાસી પંચ, રાંદેર | એફ.આર.એન. ૧૦૫૧૪૪W |

# તા. ૩૧-૩-૨૦૨૧ ના રોજનું સરવૈયુ

| મૂડી-દેવા (ફંડ અને જવાબદારી) | રકમ | રકમ | માલ અને મિલ્કત | રકમ | રકમ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૩૦૩૮૯૬૫.૫૨ | | માલ મિલકત ખાતુ | | ૩૫૯૦૮૯.૯૧ |
| ઉમેરો. | ૧૪૭૧૦.૦૦ | ૩૦૫૩૬૭૫.૫૨ | | | |
| માલ મિલકત ઘસારા ફંડ | ૧૯૦૨૫૨.૦૦ | | ડેડ સ્ટોક | | ૬૮૦૩૬૨.૪૮ |
| ઉમેરો. | ૮૯૭૭.૦૦ | ૧૯૯૨૨૯.૦૦ | ઉમેરો. | | |
| જહા. ખેતર મકાન ઘસારા ફંડ | ૮૦૩૬૪.૦૦ | | ગેસ લાઈન ફીટીંગ | | ૬૮૯૦૫.૦૦ |
| ઉમેરો. | ૪૦૩૨.૦૦ | ૮૪૩૯૬.૦૦ | | | |
| ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૧૦૨૨૪૨૨.૦૦ | | જહાં. ખેતર મકાન બાંધકામ | | ૧૬૧૨૭૮.૦૦ |
| ઉમેરો. | ૬૬૪૩૬.૦૦ | ૧૦૮૮૮૫૮.૦૦ | | | |
| કોમ્પ્યુ. કલાસ ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૮૯૦૫૭.૦૦ | | જહાંગીરપુરા પરબ દુકાન બાંધકામ | | ૬૩૬૦૭૧.૦૦ |
| ઉમેરો. | ૦.૦૦ | ૮૯૦૫૭.૦૦ | ઉમેરો. | | |
| જહાંગીરપુરા પરબ દુકાન ઘસારા ફંડ | ૧૬૪૭૭૬.૦૦ | | કોમ્પ્યુ. કલાસ ડેડ સ્ટોક | ૭૧૬૦૦.૦૦ | |
| ઉમેરો. | ૧૩૩૧૬.૦૦ | ૧૭૮૦૯૨.૦૦ | ઉમેરો. | ૨૦૩૦૦.૦૦ | ૯૧૯૦૦.૦૦ |
| શૈક્ષણિક ફંડ | ૧૪૭૮૮૯૯.૮૦ | | જહાં.જમીન એન.એ (પ્રાથમિક ખર્ચ) | ૧૧૧૪૮૧૨.૦૦ | |
| ઉમેરો. | ૭૩૫૫.૦૦ | ૧૪૮૬૨૫૪.૮૦ | ઉમેરો. | ૨૫૧૧૫૦.૦૦ | ૧૩૬૫૯૬૨.૦૦ |
| વૈદકીય સહાય ફંડ | ૧૨૮૫૨૬૨.૮૩ | | ઈન્કમટેક્ષ કપાત આવવાના બાકી | | |
| ઉમેરો. | ૭૩૫૫.૦૦ | ૧૨૯૨૬૧૭.૮૩ | | | ૧૮૯૪૯૫.૦૦ |
| મકાન સમારકામ/બાંધકામ ફંડ | ૪૯૭૦૦૦૦.૦૦ | | ગુજરાત ગેસ કુ. ડિપોઝીટ | | ૪૦૦૦૦.૦૦ |
| ઉમેરો. સને ૨૦૨૦-૨૦૨૧ | ૭૦૦૦૦૦.૦૦ | ૫૬૭૦૦૦૦..૦૦ | સત્યમ યજ્ઞેશ છાયા (વકીલ) | | ૩૩૯૦૦.૦૦ |
| ગેસ લાઈન ફીટીંગ ઘસારા ફંડ | ૨૦૬૭૦.૦૦ | | સંજય જોશી | | ૨૫૪૨૪.૦૦ |
| ઉમેરો. | ૦.૦૦ | ૨૦૬૭૦.૦૦ | રોકડ સિલ્ક | | ૧૯૫૭૫૫.૨૧ |
| જહાંગીરપુરા પરબ દુકાન ડિપોઝીટ | | ૨૭૬૦૦૦.૦૦ | સુરત ડી. બેંક સેવિ. ખાતુ | | ૬૫૦૮૯૭.૩૨ |
| બેંક ઓફ બરોડા એફ. ડી. વ્યાજ | | ૧૫૩૧૮૨૯.૦૦ | બેંક ઓફ બરોડા સેવિ. ખાતુ | | ૩૭૫૨૬૮૭.૬૮ |
| અનામત | | | રાંદેર પીપલ્સ બેંક સેવિ. ખાતુ | | ૨૮૨૨.૦૦ |
| જહા. (ખેતર) પ્લોટ અનામત. | | ૨૧૭૨૦૫૦.૦૦ | સુરત ડી. બેંક એફ. ડી. ખાતુ | | ૫૧૩૪૪૯૭.૦૦ |
| વિધવા સહાય ફંડ | | ૧૦૦૦૦.૦૦ | બેંક ઓફ બરોડા એફ. ડી. ખાતુ | | ૭૦૩૦૩૩૨.૦૦ |
| જહાંગીરપુરા ખેતર દુકાન ડિપોઝીટ | | ૩૦૦૦૦.૦૦ | બી.ઓ.બી. એફ.ડી. આવવાનુ | | ૬૭૨૭૮.૦૦ |
| જહાંગીરપુરા ખેતર જમીન વિકાસ | | ૩૨૨૩૪૯૫.૦૦ | બાકી વ્યાજ | | |
| (ડેવલોપ્મેન્ટ) ફાળો | | | સુરત ડી. બેંક સેવિ. ખાતુ ૩૦૪૪ | | ૨૧૬૪.૫૫ |
| આવક મા વધારો ૩૧/૩/૨૦૨૧ | | ૮૨૫૯૮.૦૦ | | | |
| **કુલ સરવાળો** | | ૨૦૪૮૮૮૨૨.૧૫ | **કુલ સરવાળો** | | ૨૦૪૮૮૮૨૨.૧૫ |

એમ. જે. ખીલાવાળા એન્ડ કું. વતી

પ્રમુખશ્રી/ટ્રસ્ટી
વસંતલાલ ના. સેલઈર
ટીમલા ખલાસી પંચ, રાંદેર

મંત્રીશ્રી/ટ્રસ્ટી
આશિષ હ. રાંદેરીયા
ટીમલા ખલાસી પંચ, રાંદેર

ચાર્ટડ એકાઉન્ટન્ટ્સ
(એમ. જે. ખીલાવાળા)
એફ.આર.એન. ૧૦૫૧૪૪W

# સમાજના સ્વર્ગવાસ થયેલ વ્યકિતઓને શ્રધ્ધાંજલિ

## તા. ૦૧-૧૧-૨૦૨૦ થી તા. ૨૧/૧૦/૨૦૨૧ સુધીમાં સ્વર્ગવાસ થયેલ નામોની યાદી

| ક્રમ | સ્વર્ગવાસ થયેલ વ્યકિતનું નામ | સ્વર્ગવાસ ની તારીખ | સરનામું |
|---|---|---|---|
| ૧ | હરિશચંદ્ર નાનુભાઈ રાંદેરીયા | ૦૫-૧૧-૨૦ | માલડ, મુંબઈ |
| ૨ | બાબુભાઈ નારણભાઈ સેલર | ૨૨-૧૧-૨૦ | દહેરી ફળીયા, રાંદેર, સુરત-૫ |
| ૩ | રતનબેન કીકાભાઈ સેલર | ૨૩-૧૧-૨૦ | જહાંગીરપુરા, અંકુર હાઈટસ, સુરત-૫ |
| ૪ | ઠાકોરભાઈ હરિભાઈ સેલર | ૨૮-૧૧-૨૦ | હનુમાન ટેકરી, જુનાજીન, રાંદેર, સુરત-૫ |
| ૫ | દેવજીભાઈ છીબાભાઈ સેલર | ૩૦-૧૧-૨૦ | પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૬ | મણીબેન ભાણાભાઈ સેલર | ૨૭-૧૨-૨૦ | પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૭ | હર્ષદભાઈ પિંતાબરભાઈ સેલર | ૩૧-૧૨-૨૦ | ભરૂચા નગર, જુનાજીન, રાંદેર, સુરત-૫ |
| ૮ | હરિશભાઈ ઉત્તમભાઈ સેલર | ૧૮-૦૧-૨૧ | મોરાભાગળ, હનુમાન ટેકરી, રાંદેર, સુરત-૫ |
| ૯ | હરિગંગાબેન પરસોત્તમભાઈ સેલર | ૨૪-૦૧-૨૧ | ભંડારીવાડા, રાંદેર, સુરત-૫ |
| ૧૦ | ઈશ્વરભાઈ જેભાઈ સેલર | ૦૧-૦૨-૨૧ | ગોલવાડ, હનુમાન ટેકરી, રાંદેર, સુરત-૫ |
| ૧૧ | ભરતભાઈ જેભાઈ સેલર | ૦૧-૦૨-૨૧ | ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫ |
| ૧૨ | નાનીબેન છબીલભાઈ સેલર | ૨૫-૦૨-૨૧ | પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૧૩ | રમણબેન ગણેશભાઈ સેલર | ૨૯-૦૩-૨૧ | ૧૦, સંજય સોસા., જહાંગીરપુરા રોડ, સુરત-૫ |
| ૧૪ | હરિભાઈ નારણદાસ સેઈલર | ૦૧-૦૪-૨૧ | મુંબઈ, પાંચ પીપળી મહેલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૧૫ | પાર્વતીબેન ભાણાભાઈ સેઈલર | ૦૧-૦૪-૨૧ | ગાંધી નગર, પાંચ પીપળી મહેલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૧૬ | વનિતાબેન રણછોડભાઈ સેલર | ૦૪-૦૪-૨૧ | એ/૨, રણછોડ પાર્ક સોસાયટી, જહાંગીરપુરા રોડ, સુરત-૫ |
| ૧૭ | મુકેશભાઈ જયંતિભાઈ સેલર | ૦૭-૦૪-૨૧ | ગાંધી વસાહત, હનુમાન ટેકરી પાસે, રાંદેર, સુરત-૫ |
| ૧૮ | રમણબેન ગણેશભાઈ સારંગ | ૧૨-૦૪-૨૧ | પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૧૯ | હરિશભાઈ પ્રબોધચંદ્ર રાંદેરીયા | ૧૩-૦૪-૨૧ | ગાંધી નગર, ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫ |
| ૨૦ | મનહરભાઈ વલ્લભભાઈ સેલર | ૧૪-૦૪-૨૧ | ૨૯, સંજય સોસાયટી, જહાંગીરપુરા રોડ, રાંદેર, સુરત-૫ |
| ૨૧ | ગૌરીબેન રમેશભાઈ સેલર | ૧૭-૦૪-૨૧ | સાગર સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫ |
| ૨૨ | ગંગાબેન રામજીભાઈ સેલર (ઘીવાળા) | ૧૭-૦૪-૨૧ | ૧૧, સંજય સોસાયટી, જહાંગીરપુરા રોડ, રાંદેર, સુરત-૫ |
| ૨૩ | મધુભાઈ રવજીભાઈ સેલર | ૨૩-૦૪-૨૧ | ૫૬, દેવઆશિષ સોસા., જહાંગીરાબાદ, ઉગત રોડ, મોરાભાગળ. |
| ૨૪ | હેમંતભાઈ મનહરભાઈ સેલર | ૨૩-૦૪-૨૧ | ૨૯, સંજય સોસાયટી, જહાંગીરપુરા રોડ, રાંદેર, સુરત-૫ |
| ૨૫ | શાંતિલાલ ભગવાનભાઈ સેલર | ૨૫-૦૪-૨૧ | દહેરી ફળીયા, રાંદેર, સુરત-૫ |
| ૨૬ | રમેશભાઈ નાનાભાઈ સેલર | ૨૪-૦૪-૨૧ | ગંગા નગર, ઉગત, સુરત-૫ |
| ૨૭ | રેણુકાબેન દલસુખભાઈ સેલર | ૨૬-૦૪-૨૧ | રણછોડ પાર્ક સોસાયટી, જહાંગીરપુરા, સુરત-૫ |
| ૨૮ | ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ સેલર | ૨૯-૦૪-૨૧ | ગાંધી વસાહત, હનુમાન ટેકરી પાસે, રાંદેર, સુરત-૫ |
| ૨૯ | અશોકભાઈ ડાહ્યાભાઈ સેલર | ૦૧-૦૫-૨૧ | પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૩૦ | હસુમતિબેન રમેશભાઈ સેલર | ૦૨-૦૫-૨૧ | નારાયણ નગર સોસા.,જહાંગીરપુરા રોડ, રાંદેર, સુરત-૫ |
| ૩૧ | કનુભાઈ ડાહ્યાભાઈ રાંદેરીયા | ૦૨-૦૫-૨૧ | મુંબઈ, પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૩૨ | હેમલતાબેન ડાહ્યાભાઈ સેલર | ૦૫-૦૫-૨૧ | પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |

## સમાજના સ્વર્ગવાસ થયેલ વ્યકિતઓને શ્રધ્ધાંજલિ

### તા. ૦૧-૧૧-૨૦૨૦ થી તા. ૨૧/૧૦/૨૦૨૧ સુધીમાં સ્વર્ગવાસ થયેલ નામોની યાદી

| ક્રમ | સ્વર્ગવાસ થયેલ વ્યકિતનું નામ | સ્વ. ની તારીખ | સરનામું |
|---|---|---|---|
| ૩૩ | ભાણાભાઈ દેવજીભાઈ સેઈલર | ૦૯-૦૫-૨૧ | ગાંધી નગર, પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૩૪ | નટવરભાઈ ઝીણાભાઈ સેલર | ૧૦-૦૫-૨૧ | પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૩૫ | પંકજભાઈ નારણભાઈ સેલર | ૧૮-૦૫-૨૧ | ખાડી ફળિયા, અંબાજી ચકલાની સોમની ગલી, રાંદેર, સુરત-૫ (વસવાટ-વાકંલ સ્ટ્રીટ) |
| ૩૬ | જગદીશચંદ્ર ભગવાનદાસ નાવિક | ૧૧-૦૬-૨૧ | ૨૩, ઉપવન સોસા., ઋતવન એપાર્ટની બાજુમાં, ગંગેશ્વર મહાદેવ રોડ, અડાજણ, સુરત. |
| ૩૭ | જીગ્નેશ પરસોત્તમભાઈ સેલર | ૨૪-૦૬-૨૧ | ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫ |
| ૩૮ | તુલસીદાસ ઠાકોરભાઈ સેલર | ૦૮-૦૭-૨૧ | ગણપતનગર, કણબી વાડ, પ્રાથમિક સ્કૂલની સામે, ડુમસ, દહેરી ફળીયા, રાંદેર, સુરત-૫ |
| ૩૯ | નાનકોરબેન નાથુભાઈ સેલર | ૧૧-૦૭-૨૧ | ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫ |
| ૪૦ | નટવરભાઈ ડાહ્યાભાઈ સેલર | ૧૫-૦૭-૨૧ | વડોદરા, પાંચ પીપળી મહોલ્લો, રાંદેર, સુરત-૫ |
| ૪૧ | લાલભાઈ પિતાંબરભાઈ સેલર | ૧૮-૦૭-૨૧ | દહેરી ફળીયા, રાંદેર, સુરત-૫ |
| ૪૨ | રાજેન્દ્રભાઈ(પુનો) મગનભાઈ રાંદેરી | ૨૨-૦૭-૨૧ | ગાંધી વસાહત, હનુમાન ટેકરી, રાંદેર, સુરત-૫ |
| ૪૩ | રામચંદ્ર મગનભાઈ સેલર | ૨૩-૦૭-૨૧ | જુનાજીન, હનુમાન ટેકરી, રાંદેર, સુરત-૫ |
| ૪૪ | જયાબેન મોહનભાઈ રાંદેરીયા | ૨૦-૦૮-૨૧ | ગાંધીનગર, અમદાવાડ, ટીમલા સ્ટ્રીટ, રાંદેર, સુરત-૫ |
| ૪૫ | મેહુલ ગણેશભાઈ સેલર | ૨૧-૦૮-૨૧ | જુનાજીન, રાંદેર, સુરત-૫ |
| ૪૬ | હરિભાઈ ડાહ્યાભાઈ સેલર | ૧૧-૧૦-૨૧ | જુનાજીન, રાંદેર, સુરત-૫ |
| ૪૭ | રામચંદ્ર ફકીરભાઈ સેલર | ૧૫-૧૦-૨૧ | ખાડી ફળિયા, પાંચ પીપળી, રાંદેર, સુરત-૫ |
| ૪૮ | નવનીતભાઈ વલ્લભભાઈ સેલર | ૨૧-૧૦-૨૧ | ૧૨, ગિરિરાજ સોસા., વિ-૨, આનંદ મહલ રોડ, અડાજણ. |

## સૂતક એટલે શું ?

સૂતક એટલે સરળ ભાષામાં શુધ્ધિ પંચમહાભૂત દેહમાંથી કોઈ પણ વસ્તુનો પ્રવેશ અપવા નિકાલ થવા પર જેમ આપણે શરીરની શુધ્ધિ કરીએ છીએ દાખલા તરીકે જેમ કે વાળ કપાવવા આપણે પાણીથી વાળ ધોયને છીએ નાક, મો, મૂત્ર, સંડાસ તમામ વસ્તુને ધોયને શુધ્ધ કરીએ છીએ દેહમાંથી ઉત્સર્ગ પણ તેની પણ શુધ્ધિ કરવી જરૂરી છે. આ ક્રિયા કરીએ તેને સૂતક કહે છે.

સૂતકની વિશેષ વિગત આપણને હિંદુ સનાતન ધર્મ ગરૂડ પુરાણમાં જોવા મળે છે. હિંદુ ધર્મ પ્રમાણે સૂતક પાળવાથી મૃત્યુ પામેલા જીવની સદ્ગતિ થાય છે. અને તે જીવ અન્ય યોનિમાં ભટકવાના ફેરા માંથી મુકત થાય છે. જીવનને શાંતિ મળે છે.

સૂતક બ્રાહ્મણને ૧૦ દિવસનું ક્ષત્રિયને ૧૨ દિવસનું વૈશ્યને ૧૫ દિવસનું તથા શુદ્રને ૩૦ દિવસનું લાગે છે. તથા અન્યને ૧૫ દિવસનું તથા શુદ્રને ૩૦ દિવસનું લાગે છે. તથા અન્યને ૧૦ દિવસનું લાગે છે. સૂતકની ગણતરી મૃત્યુના દિવસથી ગણવામાં આવે છે. કેટલાક બ્રાહ્મણો ના કુળમાં અગ્નિદાહ આપ્યા પછી ગણત્રી થાય છે. સૂતક નહિ પાડવાને કારણે આપણા જીવમાસનું નુકશાન થાય છે. સૂતક કયારે પણ ફોક થઈ શકતું નથી. એટલે જન્મ કે મૃત્યુના સમાચાર જયારે પણ મળે ત્યારથી સૂતક ગણીને પાડવું પડે છે.

જે મનુષ્યનું મૃત્યું આપઘાત કે આત્મ હત્યાથી થયું હોય તેને સૂતક લાગતું નથી અને તે ગણાતુ પણ નથી. એક જ વખત માથુ ધોવાથી ઉતરી જાય છે. સૂતક બાબતમાં ઘણી બધી વિવિધતા રહેલી છે. જે જવલ્લેજ બનતી  ઘટનાથી સર્જાય છે. સૂતક એક દિવસ અને રાત્રી એ રીતે ગણવું આવશ્યક છે.

૧. ગર્ભપાત થાય તો જીવતા માતા-પિતાને દોઢ દિવસનું સૂતક લાગે છે.

૨. ૧૦ થી ૧૨ દિવસનું બાળક હોય તો માતા પિતાને પુત્ર હોય તો ૩ વિસનું અને પુત્રી હોય તો ૧ દિવસનું સૂતક લાગે છે.

૩. ૧૩ દિવસથી ૩ વર્ષનું બાળક હોય તો માતા પિતાને પુત્ર હોય કે પુત્રી ૩ દિવસનું સૂતક લાગે છે. તથા કુટુંબીજનોને ૧ દિવસનું સૂતક લાગે છે.

૪. ૩ વર્ષથી ઉપરનું બાળક હોય તો માતા-પિતા તથા કુટુંબીજનોને ૩ દિવસનું સૂતક લાગે છે.

૫. પરણેંલી દિકરીનું પિયરમાં મૃત્યુ થાય તો માતા-પિતાને ૩ દિવસ નું સૂતક લાગે પરંતુ સાસરે મૃત્યુ થાય તો ૧ દિવસનુ સૂતક લાગે છે.

૬. ઘરની વહુ (દિકરાની પત્ની) નું મૃત્યુ પિયરમાં થાય અથવા સાસરીમાં થાય તો વહુના સાસુ સસરાને ૩ દિવસનું સૂતક લાગે છે.

૭. પરણેલી દિકરી અથવા ઘરની વહુનું પ્રસુતિમાં મૃત્યુ થાય તેમનું મૃત્યુ ગમે તે જગ્યાએ થાય તેને ૩ દિવસનું સૂતક લાગે છે પરંતુ બાળક જીવી ગયુ હોય અને મા મૃત્યુ પામી હોય તો બાળકનું સૂતક ગણવાનું નથી મૃતકનુ ગણવામાં આવે છે.

૮. જમાઈ અથવા સાળો સાળી મૃત્યુ પામી તો ૧ દિવસનું સૂતક ગણવુ.

૯. માસી, માસા, ફોઈ, મામા, મામી, નું મૃત્યુ થાય તો દોઢ દિવસનું સૂતક લાગે છે.

૧૦. સાસુ સસરા ભાણિયો ભાણિ મૃત્યુ થાય તો ૩ દિવસનું સૂતક લાગે છે.

૧૧. મિત્ર અથવા સંબંધી મૃત્યુ પામે તો દોઢ દિવસનું સૂતક લાગે છે.

૧૨. માતા-પિતા મૃત્યુ પામે તો ૧૦ દિવસનુ સૂતક લાગે પુત્રને લાગે છે.

૧૩. જન્મના સૂતક ઉપર બીજા મરણનું સૂતક આવે તો પહેલા સૂતક સાથે બીજુ પણ ઉતરી જાય છે.

૧૪. મરણના સૂતક ઉપર બીજુ મરણનું સૂતક આવે તો બંને સૂતક એક પછી એક પૂરા કરવા.

૧૫. જન્મના સૂતક ઉપર મરણનું સૂતક આવે તો મરણના સૂતકથી જ પુરું કરવું.

૧૬. મરણના સૂતક ઉપર જન્મનુ સૂતક આવે તો મરણનુ સૂતક પુરુ કરવુ.

૧૭. પરણેલી પુત્રી અથવા ઘરની વહુ બાળકનો જન્મ આપે તો ૩ દિવસનું સૂતક પાળવુ.

૧૮. ઘણા લોકોમાં સવા મહિનો સૂતકનો ધારો ચાલ્યો આવે છે. પરંતુ ગરૂડ પુરાણમાં સવા મહિનાનું સૂતક બતાવેલ નથી. જે ઘરમાં કુળદેવતા અથવા કુળદેવી ઘી-ધૂપ વગર રહી જાય છે. જેથી યાદ રાખવુ જોઈએ કે બીજા જીવનો ઉધ્ધાર માટે આપણા પૂર્વગ્રહ કે ઉત્સાહ માટેનું સૂતકનો વિવેક જાળવવો જોઈએ.

લિ.

**ધન્યવાદ**

**ભાણાભાઈ કે. રાંદેરી**
૩૭, સંજય સોસાયટી, જહાંગીરપુરા રોડ,
રાંદેર, સુરત-૫.

## દાન આપનારની યાદી

| ક્રમ | દાન આપનારનું નામ | વસ્તુનું દાન | નંગ |
|---|---|---|---|
| ૧ | સ્વ. ભારતીબેન ભરતભાઈ સેલર | હેન્ડીકેપ ચેર | ૨ |
| ૨ | લક્ષ્મીબેન ડાહ્યાભાઈ સેલર | સંડાસનુ ટબ | ૫ |
| ૩ | ઈશ્વરભાઈ નારણભાઈ પટેલ (કાના પટેલ) | સંડાસ ખુરશી<br>પેશાબનુ ટબ | ૧<br>૧ |
| ૪ | સ્વ. શંકરભાઈ ગણેશભાઈ રાંદેરીયા | સંડાસનુ ટબ | ૧ |
| | સ્વ. દેવીબેન શંકરભાઈ રાંદેરીયા | થુંકદાની | ૧ |
| ૫ | સ્વ. ભરતભાઈ દેવજીભાઈ મીસ્ત્રી | તાંબા કુંડી | ૧ |
| ૬ | સ્વ. કેયુરભાઈ નટવરભાઈ સેઈલર | તાંબાના લોટા<br>તાંબાની દિવી | ૫<br>૧ |
| ૭ | સ્વ. મોહનભાઈ હરીભાઈ સેલર | તાંબાના લોટા<br>કરવડી<br>દિવી | ૯<br>૩<br>૩ |
| ૮ | સ્વ. ઈશ્વરભાઈ બાબરભાઈ સેલર | સ્ટીલની કુંડી<br>એલ્યુમીનીયમની કુંડી | ૬<br>૬ |

# ટીમલા ખલાસી પંચ, રાંદેર – સુરત


## ટ્રસ્ટી મંડળ

| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી વસંતલાલ નારણદાસ સેઈલર | પ્રમુખ/ટ્રસ્ટી | મો. ૯૯૯૮૧ ૬૪૧૦૮ |
| ૨ | શ્રી આશિષભાઈ હરિશચંદ્ર રાંદેરીયા | મંત્રી/ટ્રસ્ટી | મો. ૯૯૦૯૨ ૪૨૪૨૬ |
| ૩ | શ્રી દિનેશભાઈ ઝીણાભાઈ સેલર | ખજાનચી/ટ્રસ્ટી | મો. ૯૯૨૪૮ ૫૯૨૨૦ |
| ૪ | શ્રી નટવરભાઈ દેવજીભાઈ સેઈલર | ટ્રસ્ટી | મો. ૯૩૭૪૨ ૪૮૬૦૩ |
| ૫ | શ્રી પ્રવિણભાઈ ડાહ્યાભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૯૯૧૩૭ ૬૧૯૯૬ |
| ૬ | શ્રી રામચંદ્રભાઈ નટવરભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૯૩૨૭૦ ૧૦૫૭૬ |
| ૭ | શ્રી પ્રિયવદન મગનભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૮૩૪૭૪ ૯૯૬૫૨ |
| ૮ | શ્રી રામચંદ્રભાઈ જેભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૯૩૭૭૪ ૦૪૪૮૧ |
| ૯ | શ્રી નિલેશભાઈ નટવરભાઈ સેલર | ટ્રસ્ટી | મો. ૯૭૧૨૩ ૫૮૫૮૫ |


## તેજસ્વી તારલાઓ વર્ષ : ૨૦૨૦-૨૧

### ધોરણ – ૧૦

મહેક જયેશભાઈ સેલર
પ્રથમ



૯૭.૮૩%

ધ્રુવ જયેશભાઈ સેલર
દ્વિતીય



૯૩.૫૦%

મિતાંશુ જયેશકુમાર સેલર
તૃતીય



૮૮.૬૭%

### ધોરણ – ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)

ચિરાગ શાંતિલાલ સેલર
પ્રથમ



૯૩.૭૧%

વિવેક હરીશકુમાર સેલર
પ્રથમ



૯૨.૭૭%

શ્રેયા જીતેન્દ્રભાઈ સારંગ
દ્વિતીય



૮૪.૫૭%

### ધોરણ – ૧૨ કોમર્સ

દેવાંશી રામચંદ્રભાઈ સેલર
પ્રથમ




૮૬.૪૦%

તુષાર સુરેશભાઈ સેલર
દ્વિતીય



૮૫.૭૩%

વિનિશા હેમંતકુમાર સેલર
તૃતીય



૮૨.૧૩%

### ધોરણ – ૧૨ આર્ટસ (સામાન્ય પ્રવાહ)

નેન્સી અજયભાઈ સેલર
પ્રથમ



૫૮.૧૪%

ઉમંગ નરેન્દ્રભાઈ સેલર
દ્વિતીય



૫૫.૧૪%

ઝરના નિલેશભાઈ સેલર
તૃતીય



૫૩.૮૭%

નકલ : ૦૦૦, વર્ષ : ૨૦૨૦-૨૦૨૧